# સત્સંગ સૌરભ : ભાગ - ૧

Shree Swaminarayan Gurukul Rajkot

### પ્રસંગ ૯: સહજાનંદી સિંહ

આશરે આઠેક દાયકા પહેલાંની આ વાત છે. રાજકોટ જુબેલી બાગના કોનોટ હોલમાં નૂતન વર્ષ નિમિત્તે ક્ષત્રિય સંમેલન યોજાયું હતું. જેમાં સૌરાષ્ટ્રનાં નાનાં–મોટાં રજવાડાંઓના ગિરાસદારો તેમજ અન્ય આમંત્રિત ક્ષત્રિયો પણ ભેળા થયા હતા. મોભા પ્રમાણે સહુ પોતપોતાની બેઠકે ગોઠવાયા હતા ને સભાની કાર્યવાહી ચાલી રહી હતી. સભાનું સંચાલન કરનારની સૂચના મુજબ ક્ષત્રિય વક્તાઓ પોતપોતાના વિચારો વ્યક્ત કરી રહ્યા હતા.

એવામાં કોઈક વક્તાએ નશાના કેફમાં આવી જઈને ટકોર કરતાં જણાવ્યું કે માંસાહાર અને મધપાન તો આપણા ક્ષત્રિયોનો જુસ્સો જાળવી રાખનારું ટોનિક છે. એના પ્રતિબંધની વાતો યોગ્ય નથી. જોકે કેટલાક ધર્મમાં એનો નિષેધ કરેલો છે. એમાંય સ્વામિનારાયણ ધર્મના ઉપદેશકો પોતાના અનુયાયીઓને દારુ માંસને અખાદ્ય અને વિકૃતિજનક વ્યસન ગણાવીને એનો ત્યાગ કરાવે છે. વળી અધૂરામાં પૂરું પાપનો ડર દેખાડીને આપણા ક્ષત્રિધર્મને દીનહીન દશામાં મૂકી દીધો છે અને ક્ષત્રિયોને નમાલા, બાયલા ને ભીરુ બનાવી રહ્યા છે.

'એય, ખબડદાર ! બોલ્યા ઈ બોલ્યા હવે આગળ બોલશો નહીં.' પાછળથી આવી સિંહગર્જના સંભળાણી કે તુર્તજ એ શૂરો કોણ છે? એ જોવા સહુ કોઈની ગરદન પાછળ ઘૂમી ગઈ. ત્યાં તો અપટુડેઈટ અફસરના ડ્રેસમાં એક ક્ષત્રિય યુવાન રૂઆબ ભેર આગળ આવતો દેખાયો. આ શૂરવીર નરકેસરીને જોતા જ સહુએ એને ઓળખી લીધા. એના વિશાળ ભાલમાં સ્વામિનારાયણ ધર્મનું ચાંદલે સહિત તિલક શોભતું હતું. આ શૂરવીરની સચ્ચાઈ ને ટેકથી સહુ કોઈ સુપરિચિત હતા જ. આગળ સ્ટેજ પર આવી એણે સંચાલક મહાશયની પરવાનગી માગીને કહેવા માંડયું. 'જુઓ બંધુઓ, આ વડીલ મહાશય જે કાંઈ બોલી ગયા એથી હું ખૂબ નારાજગી અનુભવું છું. હું, આપ સહુ જાણો છો તેમ સ્વામિનારાયણ ધર્મનો ચુસ્ત અનુયાયી છું. એથી આ મિથ્યા કલંકને ગળી જઈ શકું નહિ એટલે એની સ્પષ્ટતા કરવા તેમજ ખરી હકીકત રજુ કરવાનું ઉચિત માની આપ સમક્ષ હું ઉભો થયો છું.'

'સ્વામિનારાયણ ધર્મ અને એના અનુયાયીઓએ ક્ષત્રિયોને કાયર નહીં પણ ખરા અર્થમાં રણશૂરા બનાવ્યા છે. એમણે શૂરવીરતા દાખવવાનું ખરું ક્ષેત્ર ઓળખાવ્યું છે. શૂરવીરતા તેમજ નીડરતા કાંઈ મદ્યપાન અને માંસભક્ષણથી જ નથી આવી જતી. સાચું શૌર્ય તો ઈશ્વરનિષ્ઠા, સદાચારપાલન, કર્તવ્યભાન અને મનના નિગ્રહ તેમજ સંયમમાંથી પ્રગટે છે અને જો એમ ન હોય તો દારૂ માંસનું સેવન કરનારો કોઈપણ ભલે મારી સામે આવે. આપણે શૂરવીરતાની અહીં જ કસોટી કરીએ. હું અસ્ત્રશસ્ત્ર તેમજ દ્વન્દ્વ યુદ્ધમાં પણ તૈયાર છું.'

'બરોબર છે, અમે પણ એમાં સંમત છીએ. હિંમત હોય એ થાય ઊભા.' સભામાંથી જ બેત્રણ ક્ષત્રિઓએ એમાં સૂર પુરાવ્યો.

આ શૂરાઓની રણહાંક સાંભળીને સભામાં સન્નાટો છવાઈ ગયો ! માઈનો પૂત કોઈ ઊભો ન થયો. ઊભો થાય પણ કયાંથી ? આ રણશૂરાની વીરતા અને ધાકથી ભલભલા ચોર–ડાકુઓ ફફડી ઉઠતા હતા. એણે ખતરનાક બહારવટિયા સામેના ધીંગાણામાં બાથ ભીડીને એને પરાસ્ત કર્યા હતા. એટલું જ નહિ એનું નામ સાંભળીને ડફેર, વાઘેર, મિયાણા જેવા લુંટારાઓ ભોંભીતર થઈ જતા. સહુ કોઈ આ બાબત સારી પેઠે જાણતા હતા. એટલું જ નહિ અત્યારે પોતાની નજર સામે ઊભેલા આ સહજાનંદી સિંહના અંગે અંગમાંથી સહુને નરી શૂરવીરતા નિતરતી દેખાતી હતી.

એ સહજાનંદી સિંહ હતા મેંગણીના મુક્તરાજ માનભા બાપુના વંશજ દરબાર અર્જુનસિંહજીભાઈ જાડેજા. એમનો સત્સંગ કાઢી તરવાર જેવો સારધાર. સત્સંગનો પક્ષ શિર સાટે રાખતા. સત્સંગનું કોઈ ઘસાતું બોલે તો એને એ કદી ગળી જતાં નહિ પણ શૂરવીરતા પૂર્વક એને તીખા બાણ જેવું વચન મારે એવા એ સહજાનંદી શૂરા સિંહ હતા.

## પ્રસંગ ૧૦: અનુકંપા અને આશિષ

સોહામણા ચરોતર પ્રાંતમાં વિચરણ કરતી વેળાએ ભગવાન શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુ ગાના ગામને ગોંદરે તળાવની પાળ ટાઢે છાંયે થોડી વિશ્રાંતિ લેવા રોકાયા. સાથેના કાઠી સ્વારોઅ પોતાના ઘોડાને તળાવનાં પાણી પાયાં.

ગામને પાદર પ્રભુ પધાર્યાના સમાચાર જાણી ભાવિક ભક્તો દર્શને દોડી આવ્યા. પ્રભુને દંડવત પ્રણામ કરી ગામમાં પધારવા અને જમ્યાં પછી જ જવાનો આગ્રહ કર્યો. આ ભાવિક ભક્તોના અતંરનો શુદ્ધ પ્રેમભાવ જોઈને પ્રભુએ એમને કહ્યું, 'અમારે આગળ જવાની ઉતાવળ છે એટલે આ વખતે ગામમાં તો નહિ આવીએ પણ તમારો બહુ આગ્રહ છે તો જે કાંઈ તૈયાર હોય એ લઈ આવો, તો આ કાઠી દરબારોને ટીમણ કરાવીએ.'

મહાપ્રભુનો આવો આદેશ મળતાં ગામના મુખી રૂગનાથભાઈ હર્ષભેર પોતાને ઘેર જઈ એક થાળીમાં થોડા તૈયાર રોટલા લઈ આવ્યા ને પ્રભુ પાસે મૂકયા. મહારાજે થાળીમાંથી એક રોટલો લઈને કહ્યું, 'દરબારો, આ મઝાના રોટલા આવ્યા છે તો જેને ટીમણ કરવું હોય એ એકુકો રોટલો હાથમાં લઈને મંડો ટીમણ કરવા જેથી આપણે પછી આગળ જવામાં મોડું ન થાય.'

મહારાજના હાથમાં થેપલા જેવો સુંદર રોટલો ભાળી અલૈયા ખાચરે તુરત કહ્યું, 'મહારાજ, તો પછી એકાદો આમનો આવવા દીઓ.'

રૂપાળો રોટલો હાથમાં આવતાં અલૈયા ખાચરની ક્ષુધા સતેજ થઈ ગઈ ને મોંમાં પાણીય આવી ગયું પણ બટકું ભાંગીને જ્યાં મોંમાં મૂકયું ત્યાં તો એ ચવાણું જ નહિ ! એમને મનમાં થયું આ રોટલો આટલો બધો ચવડ કાં ! એથી હાથમાં રહેલ રોટલાને આમથી તેમ ફેરવીને જોવા લાગ્યા પણ કાંઈ કારણ સમજાયું નહિ. સૂરા ખાચરનેય કાંઈક આવો જ અનુભવ થયો એટલે એમણે રોટલાને સૂંઘી જોયો અને ટીખળ કરતાં કહેવા માંડયું, 'ભણે અલૈયા, આ રોટલો છે શેનો? ભણે આ તો ચાવ્યો ચવાય નહિ એવો જાણે ચામડાના પેટનો લાગે છે. દેખાવે તો ગધીનો રૂડો રૂપાળો છે બસ એટલું જ. બાકી બીજી આમાં કાંઈ ભલીવાર નથી.'

આથી અલૈયા ખાચરે સાન કરીને રૂગનાથભાઈને પાસે બોલાવ્યા ને હસતાં હસતાં પૂછયું, 'ભગત, આ રોટલા તો તમે સરસ લાવ્યા છો પણ એ છે શાના એની તો કાંઈક વાત કરો ?'

'બાપજી, એ તો ચીણાના છે. અહીં અમે એજ ખાઈએ છીએ!'

આથી મહારાજે પ્રસન્નતાથી પૂછયું, 'મુખી, આ દરબારો તમને શું ફરિયાદ કરે છે ?'

'મહારાજ, દરબારોની ફરિયાદ કાંઈ જ ખોટી નથી. આ ચીણાના રોટલા ગરમ ગરમ હોય તો જ ખાનારને ભાવે ને ચવાય પણ ઠરી ગયા પછી એ રોટલા ચવાય નહિ. બીજાને એ ખાવો મુશ્કેલ પડે. અમારે તો આ ધાન કોઠે પડી ગયું છે. બાજરી કે જુવાર અહીં થતી નથી. ખેડૂતો બચારા મહેનત કરી કરીને થાકી ગયા

છતાં આ જમીનમાં ચીણા સિવાય બીજું કશું જ પાકતું નથી ! કોણ જાણે શું દૈવનો કોપ છે !! અમારા નસીબમાં ચીણો જ લખાયો હશેને ! નહિ તો આમ કેમ હોય !' મુખીના બોલમાં ભારોભાર જીવનની લાચારી અને અંતરની વ્યથા વર્તાતી હતી.

મુખીના મોંએ ભલાંભોળાં ગ્રામજનોની કરુણ કથની સાંભળી અવિનાશીના અંતરમાં અનુકંપા જાગી ઊઠી. પ્રભુએ આ ભક્તોને આશિષ આપતા કહ્યું, 'હવેથી તમે સહુ બાજરી કે જુવાર વાવજો. એ બધું થાશે. આજથી દૈવનો કોપ મટી ગયો એમ સમજો ને આ જમીનમાં જાર, બાજરી, તુવેર વગેરે ધાન્યનો પાક થશે.'

ભગવાન સ્વામિનારાયણ મહાપ્રભુની આવી અનેરી અનુકંપાભરી આશિષથી આ વિસ્તારની જમીનનો ગુણધર્મ બદલાઈ ગયો ને ત્યાર પછી આ જમીનમાં સુંદર મઝાની જાર, બાજરી, તુવેર, ડાંગર થવા લાગી. આજે તો ચરોતરના ખેતરો લીલાછમ હરિયાળા પાકથી ઉભરાતાં જોવામાં આવે છે. કઠણ, લીસો ને ચપટો ચીણો તો આજે કયાંય ગોત્યોય જડતો નથી. કર્તુંમકર્તુંને અન્યથા કર્તુંમ એવા પરબ્રહ્મ પરમાત્માની પરમ કૃપાથી તો શું ન થાય ?

**નોંધ :** થોડાં વર્ષ પહેલા વડતાલ મંદિરની જમીનમાં ઉતારાના મકાન બાંધવા પાયા ખોદવાનું કામ ચાલતું હતું ત્યારે એક ખંઢેરમાંથી વર્ષો પહેલાંની ચીણાની ખાણ મળી આવી. એ જોઈને સંતો ને હરિભક્તોને ભારે નવાઈ લાગી ! આ કોણે અને કયારે સંગ્રહ કર્યો હશે ! દુષ્કાળમાં કામ આવે એવા હેતુથી સંગ્રહેલ આ ચીણો દોઢસો વર્ષ પછીય પણ એવો ને એવો નીકળ્યો હતો એમાંથી કોઈ જાતની વાસ નહોતી આવતી તેમ સડયો કે બગડયો પણ નહોતો. રેતી કે ઝીણી કાંકરી જેવું સખત આ ધાન્ય હોય છે એમાં કોઈ જીવાંત પણ ઝટ પડતી નથી.

## પ્રસંગ ૧૧: સુખદ સ્મૃતિ

પોતાની ધર્મપત્નીની મરણોત્તર વિધિ પૂરી કરી ઠાકરશીભાઈ દેવાણીએ દશબાર વર્ષના દીકરા દેવજીને સાથે લઈ હળવા હૈયે પોતાનું મૂળ વતન અમૃતવેલ છોડી જુનાગઢની વાટ પકડી.

ગુણિયલ ગૃહીણીનું અકાળ અવસાન થવા છતાં ઠાકરશીભાઈને અંતરમાં એનો બહુ ઊંડો આંચકો નહોતો લાગ્યો કારણ કે સમર્થ સદ્‌ગુરુ સ્વામી બાલમુકુંદદાસજીનો સમાગમ કરી એમણે પોતાની સમજણને

દૃઢ કરી હતી કે 'ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજશું ગોવિંદ ગોપાળ' સંસારમાં રહેવા છતાંય ઠાકરશીભાઈ આમ તો જળકમળવત્ હતા.

જૂનેગઢ આવી ઠાકોરજીના દર્શન કરી ગુરુવર્યના દર્શને ગયા. દંડવત્ પ્રણામ કરીને પગે લાગીને પાસે બેઠા, એટલે અંતર્યામીને સંભારીને સ્વામીએ કહ્યું, 'ઠાકરશી, સાવ પરવારીને આવ્યો છોને ?'

'હા, સ્વામી, હવે ઘરની કોઈ પળોજણ રહી નથી એટલે જ બાપ દીકરો પરવારી પાકું પરિયાણ કરીને જ આપની પાસે ભગવાન ભજવા આવ્યા છીએ.' ઠાકરશીભાઈએ હૈયાનું હોઠે લાવીને કહ્યું.

આ સાંભળી દીર્ઘદૃષ્ટા પૂ. સ્વામીજીએ કહ્યું, 'જો ભગવાન ભજવાનો નિર્ણય કરીને જ આવ્યા હો અને અમે કહીએ એમ કરવાની તૈયારી હોય તો આ છોકરો સ્વામી ધર્મસ્વરૂપદાસજીને સોંપો અને તમે મોટી કુંકાવાવ જઈ ત્યાં મંદિરમાં ઠાકોરજીની સેવાપૂજા કરો.'

વિશ્વાસુ ઠાકરશીભાઈએ ગુરુવર્યની આજ્ઞાને વિના વિલંબે માથે ચડાવી કહ્યું, 'ભલે સ્વામી, આપની આજ્ઞા મને મંજુર છે.'

પોતાના પુત્રને સમજાવી ત્યાં મંદિરમાં રાખી, પોતે બીજે દિવસે કુંકાવાવની વાટ પકડી. આ સ્થિતપ્રજ્ઞને આમ કરવામાં પુત્રનુંય કોઈ વળગણ અંતરાત્મામાં વળગ્યું નહોતું. એણે સ્વામીશ્રીના આદેશ મુજબ કુંકાવાવમાં પ્રેમથી ઠાકોરજીની સેવા પૂજા ને ભજન સ્મરણમાં પોતાની પાછલી અવસ્થા પૂર્ણ કરી.

સિંહના તો સિંહ જ હોયને ! દીકરો દેવજી પણ પૂજ્ય સ્વામીશ્રીના આદેશથી પાર્ષદ બની સદ્. સ્વામી ધર્મસ્વરૂપદાસજીના મંડળમાં રહી ઉત્સાહભેર સેવામાં સામેલ થઈ ગયો. સ્વભાવે નમ્ર તેમજ સરળ ને ગરીબ પ્રકૃતિવાળા દેવજી ભગતે શ્રદ્ધા ને મહિમાથી મંદિરમાં સેવા બજાવી નાના મોટા સર્વ સંતોનો રાજીપો મેળવી લીધો.

પાર્ષદ દેવજી ભગતમાં મુમુક્ષુતાના ઉચ્ચ ગુણો જોઈ સ્વામી બાલમુકુંદદાસજીની આજ્ઞાથી સદ્. સ્વામી ધર્મસ્વરૂપદાસજીના શિષ્ય પુરાણી સ્વામી ગોપીનાથદાસજીએ સં. ૧૯૫૯માં વડતાલમાં આચાર્ય શ્રી લક્ષ્મીપ્રસાદજી મહારાજને હસ્તે દેવજી ભગતને ભાગવતી દીક્ષા અપાવી સાધુ દેવપ્રસાદદાસ નામ ધારણ કરાવ્યું.

દયાળુ પ્રકૃતિના આ સંત દેવપ્રસાદદાસજીમાં સેવાધર્મ સ્વાભાવિક હતો. સાજામાંદા સંતો તેમજ પાર્ષદોની સેવા કરવા એ મહિમાથી પહોંચી જાય. અરે મંદિરમાં આવેલ સાજામાંદા ગૃહસ્થ ભક્તની પણ સેવા

ચાકરી કરવામાં એમને કદી નાનપ લાગતી નહિ. માંદાનું માથું તેમજ પગ દાબવા, મીઠાંનાં પોતાં મૂકવાં, માંદાને રુચે એવું જમવાનું બનાવી દેવું વગેરે શ્રદ્ધાથી કરવાનું એમનું અંગ હતું. એટલું જ નહિ આવી સેવા પ્રવૃત્તિ મહિમાથી કરતા અને સહુના આદરના અધિકારી બની રહેતા.

કંઠની મધુરતા સાથે પ્રભુએ એમને કંઠે કરીને બોલવાની શ્રદ્ધા ને ધગશ આપી હતી. જેથી ઘણાં કીર્તનો ને ભક્તચિંતામણિ અને પુરુષોત્તમપ્રકાશના ઘણાય પ્રકરણો એમને કંઠસ્થ હતાં. પ્રાતઃકાળે મધુરતાથી બોલીને વાતાવરણને બ્રહ્મભીનું ને ભર્યું ભર્યું કરી દેતા. એટલું જ નહિ ઘણાય નવા પાર્ષદો તેમજ ગામડાના હરિભક્તનેય મહિમાથી ઘણું શીખવીને કંઠસ્થ કરાવતા.

સ્વભાવે માયાળુ, નિખાલસ અને ભારે દયાળુ હોવાથી આ ભજનાનંદી સંત પાસે બેસનારને અંતરમાં શાંતિની તુરત અનુભૂતિ થાતી ને પ્રભુમાં પ્રેમભાવ જાગૃત થતો. અનેરી સહાનુભૂતિ ને માતાના જેવી મમતાથી નાના સંતો તેમજ નવા પાર્ષદોને સત્સંગની રીતભાત શીખવતા. સાધુતાના સદ્ગુણના ભંડાર સમા આ સંત પોતે જીવનમાં આચરીને બીજાને પ્રેરણારૂપ બનતા રહ્યા.

પૂ. શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીનું પ્રારંભનું જીવન ઘડતર આ સંતના સહવાસમાં થયું. પૂજ્ય શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી ઘણીવાર આ દયાળુ દેવપ્રસાદ સ્વામીના પુનિત પ્રસંગોનું સ્મરણ કરી જૂની વાતો કરતા ત્યારે પોતે એ સંતવર્યની સુખદ સ્મૃતિમાં ભાવવિભોર બની જતા.

પૂ. સ. શાસ્ત્રી સ્વામી ધર્મજીવનદાસજીએ સં. ૧૯૯૨મા ઊના મંદિરના કળશ ચડાવી ભવ્ય મહોત્સવ કર્યો ત્યારે આધેડ વયના આ સેવાભાવી સંતવર્યે રસોડા વિભાગની જટિલ જવાબદારી ભરી સેવા સંભાળી હતી અને ઉત્સવની સફળતા માટે પોતે ખડેપગે રહી સતત સેવા બજાવી હતી.

ધામધૂમથી ઉત્સવ ઉજવાયા પછી પોતાનું સેવાકાર્ય કેમ જાણે પૂરું થયું હોય એમ એમણે પાંચેક દિવસની ટૂંકી બીમારી બાદ શ્રીજી તેડવા આવ્યા ને અક્ષરની વાટે વિદાય લીધી હતી.

## પ્રસંગ ૧૨: સંતની સિંહગર્જના

રોંઢો ઢળતો આવે છે. વાદળાંની વણથંભી વણઝાર ચાલુ છે. વાદળ આડે સંતાઈને ડોકિયાં કરતા સૂર્યનારાયણ અસ્તાચળ તરફ જઈ રહ્યા છે. ખેતરોમાં ખલવલિયા કરતી મોલાત પવનનાં આવતાં

લેરખામાં ઝૂમી રહી છે. સીમ–વગડામાં છવાએલી હરિયાળી આંખને ઠારે છે. દૂર દૂર સુધી ઢોર ચરતાં દેખાય છે. કોઈ કોઈ ખેતરોમાં નીંદામણ ચાલે છે.

આવા સાનુકૂળ સમયે પાંચેક સંતોનું એક મંડળ ફાચરિયાથી ડેડાણ તરફ આવી રહ્યું છે. એમનાં ભગવાં વસ્ત્રો હવામાં ફરફરે છે. મોટા સંત આગળ છે ને બીજા સંતો એમની પાછળ શિસ્તબદ્ધ લાઈનમાં ચાલ્યા આવે છે. ખભે ઝોળિયું અને હાથમાં માળા છે. ભજનસ્મરણ કરતા થકા વાટે ચાલ્યા જાય છે. રસ્તા કાંઠે ખેતરના દૂરના છેડે નીંદી રહેલા મજુરોમાંથી કોઈકની દૃષ્ટિ એ તરફ જતાં એણે કહ્યું, 'જુઓ, પણે સ્વામીના સાધુઓ ચાલ્યા જાય.'

આથી બધાય મજુરોએ એ તરફ દૃષ્ટિ કરીને જોયું ત્યારે કોઈકે ટહુકો કરતાં કહ્યું, 'આ સામીના મુંડિયા બાયું સાથે બોલેય નહિ અને એનાથી તો છેટા છેટા ચાલતા હોય છે.'

'એમ ! બાયુંથી છેટા છેટા ચાલે છે ! તો પછી એ રોયા જન્મા કયાંથી હશે ?' એક બાઈએ છણકો કરતાં કહ્યું.

'એણેય જલમતો માને પેટે જ લીધો હશેને ? એ કાંઈ કોઈ આવળિયે બાવળિયેથી નહિ ઉતર્યા હોય !' એમ મચકો કરી બીજી બાઈ મરડમાં બોલી ઉઠી.

'અહીં બબડાટ કરો છો તો પછી ત્યાં જઈને એને જ આ વાત પૂછી જુઓને એટલે ખબર પડે ?' એક ટોંણિયાએ ટોંણો મારતાં કહ્યું.

આ સાંભળી બાયુંને પાનો ચડયો. 'હાલો, જાવું છે ?' એમ કહી પરસ્પર હાથનાં લટકાં ને આંખનાં મટકાં કરી પૂછવા લાગી.

'આમ અહીં વાતો કર્યે શું વળશે ? ત્યાં ગુડાવને ? નહિ તમને એ બાવા કાંઈ મારી નાખે.' તાતી ટકોર કરતાં એક યુવાને કહ્યું.

'તમને પાસે આવતી ભાળીને તો એ બાવા આમ તેમ ભાગશે ને એ ટીખળ જોવાની મઝા આવશે.' બીજાએ પોરહ ચડાવતા કહ્યું.

આવું ઉત્તેજન મળતાં ચારેક યુવાન છોકરિયું ખેતરમાંથી સાધુઓ તરફ દોડી ને છકેલા જુવાનોએ હાંકલા પડકારા કરી એને પાણી ચડાવ્યું.

આવો હોકિકિયારો સંભળાતા સંતોએ એ બાજુ જોયું તો ત્રણ ચાર બાયું દોડી આવતી દેખાણી. તુરત વૃદ્ધ સંતે કહ્યું, 'સાધુરામ, આ બાયું આપણને ફજેત કરવા દોડી આવતી લાગે છે. માટે તમે બધા ઝટ આઘાપાછા થઈ આગળ ભાગવા માંડો.'

'પણ સ્વામી, તમે ?' બધા સંતોએ ગભરાટથી ચિંતિત બની જઈને એક સાથે પૂછયું.

'મારી ચિંતા કરોમા. તમે ઝટ ભાગવા માંડો. હુંય તમારી પાછળ જ ભાગ્યો આવું છું.' આમ કહી એ સમર્થ સંતે નીચે નમીને બે પાણા હાથમાં લઈ લીધા. આ જોઈને શ્વાસભેર દોડી આવતી છોડિયું જરા ધીમી પડી ગઈ ને એના કાને ચેતવણીનો સૂર સંભળાયો. 'ખબડદાર! આગળ આવિયું છો તો ? ત્યાંથી જ પાછી વળી જાવ.'

આ ચેતવણી સાંભળી એ નજીક આવતાં અટકી ગઈ ને પાછું વાળીને ખેતર તરફ જોવા લાગી એટલે વળી હાંકલા પડકારા સંભળાયા 'અરે પાસે જાવ, ઘેરી લ્યો, ત્યાં ઊભીયું કાં ? આથી ભાન ભૂલેલી આ અભાગણીયું વૃદ્ધ સંત પાછળ દોડી એટલે આ સંત બેય હાથની ખાંભી ખોડી દઈને રસ્તા વચ્ચે જ સાવજની જેમ ગોઠણભર બેસી ગયા ને છોકરિયું સામે ડોળા કાઢી માથું ધૂણાવીને હાં... હાં એમ બે વખત ત્રાડ મારી ને બીવડાવવા માટે સિંહગર્જના કરી એટલે બાયુંને તો સાક્ષાત ડાલામથા સાવજનું ભયંકર રૂપ દેખાયું કે તુર્તજ એમનાથી 'ઓય માડી !' એવી કારમી ચીસ પડી ગઈ ને ગભરાટમાં પાછી તો ભાગી પણ એના હોશકોશ ઊડી ગયા ! આંખે અંધારા ને જીવમાં કમકમા આવી ગયા. એથી હાંફળી ફાંફળી બની એ ચારેય ગોથાં ખાઈને ત્યાંજ ઢળી પડી.

આ બધો તાલ જોઈ રહેલા મજૂરો બબડવા લાગ્યા. 'આ રાંડુ પાછી કાં ભાગી ? ગોથાંખાઈને ત્યાં પડી કાં ? ઓલા બાવાએ કાંઈ કરી તો નહિ મૂકયું હોયને ?' એવો ભય ને વહેમ એમનાં અંતરમાં પેઠો એટલે બધાય ત્યાં દોડી આવ્યા.

આવીને જુવે છે તો છોકરિયું પડીપડી ધ્રુજી રહી હતી. 'હાય મરી ગયું સિંહ ફાડી ખાશે.' એમ મુખે બબડી રહી હતી એટલે પૂછયું, 'આ શું બબડો છો ? અહીં કયાં સિંહ છે ?' ઓલા બાવા પાસે સિંહ છે ! 'ઓય મા ! અમને ઝટ ઘેર લઈ જાવ.'

'કાં, લેતા જાવને ! અમે તો ના પાડેલી કે સાધુને વતાવોમા પણ તમે કોઈએ અમારું માન્યું નહિને ? એટલે આ પરિણામ આવ્યું.'

આ પછી ચારેય છોડિયુંને ઘેર લઈ જવામાં આવીને આ બનાવની વાત પણ ગામમાં વાયુવેગે પ્રસરી ગઈ.

એ સિંહ સમાન ગર્જના કરનાર પ્રતાપી સંત હતા જૂનાગઢ મંદિરના જોગી, સ્વામી મહાપુરુષદાસજી.

## પ્રસંગ ૧૩: નક્કર નિશ્ચય

સલુણી સંધ્યાનો ઉજાસ ઓસરતાં જ આભમાંથી ઊતરી રહેલા અંધારાના ઓઘ ઘૂંટાઈને ઘાટા થવા લાગ્યા. ઠાકર મંદિરની ઝાલરું ઝણઝણી ઊઠી દેવદર્શન કરી રજપૂત ગલૂજી ઘેર આવી વાળુ કરવા બેઠા ને માતુશ્રીએ થાળી પીરસીને આગળ મૂકી. પ્રભુની સ્મૃતિ સાથે જમવાનું જ્યાં શરૂ કર્યું, ત્યાં ફળીમાં ઘોડાની હણહણાટી સંભળાણી. વડથલના ધર્મસિંહજી પ્રભુનો પત્ર લઈને આવ્યા હતા. જય સ્વામિનારાયણ કહી પત્ર આપી એતો ચાલી નીકળ્યા. આગ્રહ કર્યો છતાં વાળુ કરવા કે પાણી પીવાય એ ઉભા ન રહ્યા.

ગલુજીએ જમવાનું રહેવા દઈને દીવાને અજવાળે પત્ર વાંચ્યો. એમાં પ્રભુએ સંદેશો મોકલેલો કે 'આ પત્ર વાંચી વિના વિલંબે જે કાંઈ કિંમતી ઘરવખરી હોય તે ગાડાઓમાં ભરી, માતુશ્રીને ઘેર રાખી તમો બને એટલા વહેલા વડથલ આવી પહોંચો.'

તુરત પીરસેલું ઠામ આઘું ઠેલી ગલુજી ઊભા થઈ ગયા એટલે માતુશ્રી બોલ્યા, 'બેટા, પૂરું જમી તો લે પછી બીજું કરજે.'

'હવે જમવાનું કાંઈ નહિ. પ્રભુનો પત્ર છે એટલે હું માલ મિલકત ગાડામાં ભરી ઝટ વડથલ જાવછું ને તમે ઘર સાચવજો.' આમ કહી એતો ગાડાંઓ તૈયાર કરી લેવા જેવી સંપત્તિ ભરીને તુરત વડથલની વાટે વહેતા થયા.

માતાજી તો વિચાર કરતાં રહ્યાં, 'મહારાજે ગલુજીને આમ અચાનક કેમ બોલાવ્યો હશે ? આ મૂલ્યવાન માલસામાન વેચાવીને એને સાધુ તો નહિ કરવો હોયને !'

માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચયવાળા ગલુજીને તો પ્રભુના આદેશમાં કોઈ વિચાર કરવાનો હતો જ નહિ. પ્રભુ કરે તે ભલા માટે હોય એમ માની એતો વડથલ પહોંચી ગયા.

આ બાજુ ગલુજીના દુશ્મનો ગલુજીને મારી નાખવા અને માલ મિલકત લૂંટી લેવાના બદ ઈરાદાથી એક સંપ કરીને મધરાત ભાંગ્યે ઘર પર ત્રાટક્યા. ઘરમાં દીવો બળતો હતો. એના અજવાળામાં જોયું તો ઘર ખાલીખમ ને માત્ર એક ડોશી સૂતેલાં એટલે એને જગાડીને પૂછ્યું, 'ગલુજી ક્યાં છે ? આ ઘર સાવ ખાલી કાં ?'

'સ્વામિનારાયણની ચિઠ્ઠી આવેલી એટલે એ બધો માલ સામાન ગાડામાં ભરીને એમની પાસે વડથલ ગયો છે પણ ભાઈઓ, અત્યારે અહૂરા તમારે એનું એવું બધું શું કામ હતું ?'

'કામ તો માજી છેને એ ભગતડાને આજે પતાવી દઈને ઘર બધું લૂંટી જવું હતું પણ સ્વામિનારાયણ ભગવાનને એને બચાવ્યો, નહિ તો આજ એ ઉગરેત નહિ.' ટોળીના આગેવાને કહ્યું.

'અરે ! ભલા માણસ, આવું ઘોરકર્મ કરવા આવ્યા છો ? મારા દીકરાનો કાંઈ વાંક ગુનો ખરો કે હાંઉ ?' હાંફળા ફાંફળા બની માતાએ ઉચ્ચાટ વ્યક્ત કર્યો.

'વાંક તો માજી બીજો કાંઈ નથી પણ સ્વામીનો ધર્મ સ્વીકારી એ તો ભગત ભલે બની ગયો પણ અમારી ટોળીના એક સાથીદારનેય એણે ભગત કરી મેલ્યો છે જે હવે લૂંટફાટમાં અમારા ભેળો આવતો નથી. એથી અમારે એની સામે અદાવત બંધાણી છે.'

'પણ આજે એની આવી સાવધાની ભરી રક્ષાથી અમો મનમાં વિચાર કરતા થઈ ગયા છીએ. અમે તો કાંઈ ધારીને આવ્યા હતા અને વચ્ચેથી ભગવાને બાજી પલટાવી ગલુજીને હેમખેમ ઉગારી લીધો. માટે એ ભગવાન કેવા પ્રતાપી ને આ ભક્ત પણ કેવો વિશ્વાસુ ! હવે અમારે ગલુજીની માફી માગવાની છે, આ તો ઠીક થયું એ ઉગરી ગયો ને નહિ તો આજે જ એક ભક્તનો અમારા કાળા હાથે વધ થઈ જાત તો અમારા પર ફિટકાર વરસત અને મહા પાપના ભોગ બનત. અમો આપની માફી માગીએ છીએ કે હવે અમારે ગલુજી સાથે કોઈ અણબનાવ કે કજિયો નથી. અમોને સ્વામિનારાયણને શરણે લીએ એજ મનમાં ઈચ્છા છે.' ટોળીના આગેવાને ખેદ વ્યક્ત કરતાં કહ્યું.

આ સાંભળી માતા તો વિચારમાં પડી ગયા. સવારે પ્રભુની આજ્ઞા થતા ગલુજી બધું લઈને વડથલથી ડડુસર આવ્યા. માતાએ રાતે બનેલ બીના કહી સંભળાવી ત્યારે અંતર્યામીએ પોતાની ભારે રક્ષા કરી એ જાણીને ગલુજીની આંખમાં હર્ષનાં આંસુ ઉભરાયાં અને અંતરમાં પ્રભુનો અદકેરો મહિમા પણ સમજાયો.

એકાદ બે વર્ષ પછી મહારાજ ડડુસર પધારી રહ્યા છે. આખું ગામ પ્રભુનું સ્વાગત કરવા ગામને ગોંદરે આવીને ઉભું છે. મહારાજને પધારવાની ઘડિયું ગણાય છે. એવામાં અગ્રણી ભક્તે આવીને ગલુજીના કાનમાં હળવેકથી કહ્યું, 'માતાજીએ દેહ મૂકી દીધો છે !' ગલુજીએ તુર્તજ કહ્યું, 'હવે કોઈને વાત કરશોમા' આમ કહી પોતે ઘેર આવ્યા પછેડીમાં ડોશીના શબની ગાંસડી બાંધી એને ઊંચે ટાંગી દીધી.

શ્રીજી પધારતા ધામધૂમથી એમનું સામૈયું કરી ગામમાં પધરામણી કરી. ગામના શેઠને ત્યાં સંતો ને મહારાજનો ઉતારો રખાવી ગામ આખાને પ્રભુના દર્શન, કથાવાર્તા ને સત્સંગનો લાભ આપવા રોકયા. વિદાય વેળાએ સિમાડા સુધી સાથે ગયા ત્યારે પ્રભુએ કહ્યું, 'હવે પાછા વળો ને માજીનો અગ્નિસંસ્કાર કરો. અમે ધામમાં તેડી ગયા એને ત્રણ દિ થઈ ગયા છે.'

લોકલાજની પરવા કર્યા વગર મૂઈ માને ટાંગી દઈ પ્રભુની પધરામણીને પ્રાધાન્યતા આપવાનું કપરું કામ તો ગલુજી જેવા નક્કર નિષ્ઠાવાન ભક્તથી જ થઈ શકે.

**પ્રસંગ ૧૪: નીડર અને સમર્થ સંત**

'એ મહારાજ, આમના ઓરા આવો ઓરા !' વાવેરા ગામના ચોરે બેઠેલ કાઠી ડાયરામાંથી દરબાર મૂળુભા બોરિચાએ ભિક્ષાર્થે ગામમાં ભ્રમણ કરી રહેલા સંતોને સાદ કરીને કહ્યું.

હાંક સાંભળી સંતો ચોરા તરફ વળ્યા. હાથ ઊંચો કરી ડાયરાને જે નારાયણ કહી ચોરાનાં પગથિયાં ચડી ઉપર આવ્યા એટલે દેવી ભક્ત મૂળુભાએ રોષમાં કરડી નજર કરીને કહ્યું, 'અમે સાંભળ્યું છે કે તમે સ્વામીના સાધુ ગામડે ગામડે ફરીને દેવ–દેવીની નિંદા કરો છો ને ભગત ભૂવાઓને ખોટા ઠેરાવો છો. અત્યારે માતાજીના નોરતાના દિવસો ચાલે છે ને તેમાં જો કોઇ માતાનો ભૂવો ભેટી ગયો ને તો તમને કયાંક ભારે પડી જશે.'

'જૂઓ ભાઈ, અમે તો કોઈ દેવ–દેવીની નિંદા કરતા નથી તેમ ભૂવા કે ભગતને ખોટાય કહેતા નથી. પણ હા, દેવ દેવીને નામે થતી નિર્દોષ પશુઓની હિંસાનો તો અમે જરૂર નિષેધ કરીએ છીએ.' મોટા સંતે સ્પષ્ટતા કરતાં કહ્યું.

'હિંસા ! એ તો માતાજીના નિવૈધ કહેવાય. એને હિંસા કેમ કહેવાય ? વળી માતાજીની પ્રસન્નતાના આ સત્કર્મનો વિરોધય કોઈથી ન કરાય, નહિ તો વળી એની ઉપર માતાનો કોપ ઉતરે.'

'અરે ભલા માણસ ! હિંસામાં માતાનો કોપ ઉતરે ક અહિંસામાં ? જરા વિચારતો કરો. દેવી તો જીવપ્રાણી માત્રની માતા કહેવાય. જનેતા તો બહુ દયાળુ હોય. એ કદિ પોતાના સંતાનનો ભોગ માગે ખરી ? પોતાની સામે જ કાતાથી ક્રુર રીતે કપાઈને સંતાન રેંસાઈ જઈને તરફડીને ભૂંડે હાલ મરે એ કઈ જનેતા જોઈ શકે ? માતાને નામે આમ બેફામ થતી હિંસા એ તો ઘોર પાપ જ છે.' નીડર સંતે હિંસાનો હિંમતથી વિરોધ કરતાં કહ્યું.

'મારાજ, આપની વાત તો જરૂર વિચારવા જેવી છે પણ માતાજીના ભૂવાઓ કહે છે કે આ તો માતાના નિવેદ કહેવાય. એ તો જરૂર કરવા જ જોઈએ, નહિ તો માતાનો કોપ થાય. આપ જ માતાના ભૂવાઓ પાસે ચાલો ને તમારી વાતને એ જો કબૂલ રાખે તો અમનેય એ કબૂલ છે.' ડાયરામાં બેઠેલા એક રામ ભગતે કહ્યું.

'તો ચાલો, ભૂવા પાસે જઈએ. અમે તો એનેય વળી સાચી વાત સમજાવીએ.' અહિંસાના આગ્રહી સંતે અનુમતિ આપતા કહ્યું.

આથી મૂળુભાએ આગળ જઈને માતાજીના મઢમાં બેસી સાધના કરતા ભૂવાઓને બધી હકીકતથી વાકેફ કરીને કહ્યું, 'જુઓ એ સાધુ દેવ, દેવી, ડાકલાં ને તમારું ભૂવાઓનુંય ખંડન કરવા હમણા જ અહીં આવે છે. માટે એને બરોબરનો પરચો આપી દેજો જેથી એ જ્યાં ત્યાં આવી વાતો કરતા જ છાંડી જાય.'

'તમે એ સાધુને અહીં બોલાવી લાવોને ? અમે માતાના પ્રતાપથી અને અમારી સાધનાના જોમથી એને એવા ઊભી પૂંછડિયે ભગાડીશું કે જેથી એ કદી માતાનું કે અમારું નામ ન લીએ.' ભૂવાઓએ લૂખી ડંફાસ મારતા કહ્યું.

મૂળુભા અને બીજાઓ સાથે સંતો માતાના મઢે આવ્યા. અહીં તો જોરજોરથી ડાકલાં વાગી રહ્યાં હતાં. ભૂવાઓ હાંકોટા ને ધૂધકારી મારી ધૂણી રહ્યા હતા. જાગરિયાઓ તો વળી ભારે જોરજોરથી પછડાટો ખાઈ રહ્યા હતા. ભલભલા બીય જાય એવા હાકલા પડકારા સંભળાતા હતા. આ નીડર સંતને તો આ તમાશો જોઈને હસવું આવ્યું. એણે ઈષ્ટદેવ શ્રીહરિને સંભારી ધૂણી રહેલા ભૂવાઓ ઉપર પોતાની વેધક દૃષ્ટિ ઠેરાવી ત્રાટક કર્યું ત્યાં તો જાણે ચમત્કાર થયો હોય એમ માતેલા આખલા જેવા ભૂવાઓ તુરત ધૂણતા બંધ થઈ ને મિયાંની મીંદડી જેવા સાવ ઢીલાઢફ થઈ ગયા. એમનો ઓતાર ઉતરી ગયો. મઢમાં નિરવ

શાંતિ પથરાઈ ગઈ ત્યાં ભેળા થયેલા લોકો તો આથી આભા બની એકબીજા સામું જોવા લાગ્યા. જાણે અંદરો અંદર એકબીજાને પૂછતા ન હોય કે એલા એકાએક આ શું થયું !

આવી શાંતિની તક જોઈ આ નીડર સંતવર્યે અહિંસા પરમ ધર્મનું ખરું રહસ્ય સમજાવ્યું ને ઉમેર્યું 'હવેથી માતાજીને નિવેદમાં ખીર, (લાપસી કે દૂધપાક પૂરી જમાડજો પણ માંસ કે મદિરા જેવાં અખાજ ધરશો નહિ.' આમ ઉપદેશ આપી આ હિંમતવાન સંત મૂળુભા તરફ એક વિજય સૂચક દૃષ્ટિપાત કરી ચાલી નીકળ્યા.

આ સમર્થ સંત ગયા પછી મૂળુભાએ ભૂવાઓને ટોણો મારતા કહ્યું, 'એય તમે આ શું કર્યું ? ડંફાસ તો બહુ મારતા હતા અને એ સાધુને ભાળીને ગરીબ ગાય જેવા કેમ બની ગયા ?' 'અરે બાપુ, કાંઈ વાત પૂછોમા ! એ સ્વામીના સાધુએ આવીને અમારા સામે જોયું કે તુર્તજ અમારી શક્તિ હરાઈ ગઈ, ઓતારેય ઉતરી ગયો અને અમે તો નિર્જીવ પૂતળાં જેવા બની ગયા. ભગવાનના આ સમર્થ સંતની મોટી સત્તા પાસે અમારે નાની સત્તાએ નમતું આપી દેવું પડયું. ભગવાન પાસે તો કોઈપણ દેવ દેવીનું કાંઈ ચાલે નહીં. આપ અમારા પર હવે નારાજ ન થશો.'

ભૂવાઓની વાત સાંભળી મૂળુભાને વાસ્તવિકતા સમજાઈ ગઈ. એથી એણે આ સમર્થ સંતના હસ્તે વર્તમાન ધારણ કર્યાં.

અહિંસાના આવા પ્રખર હિમાયતી ને નીડર સંત હતા સ્વામી રાઘવાનંદજી જેણે બાબરિયાવાડ પંથકનાં ૪૨ ગામોમાં વિચરણ કરી આહીરોમાં આચાર વિચારની પવિત્રતા પ્રસરાવી હતી.

**પ્રસંગ ૧૫: પ્રભુનિષ્ઠ પરમહંસ**

જૂનાગઢ શ્રીસ્વામિનારાયણ મંદિરમાં શ્રીરાધારમણ દેવનો શતવાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાઈ રહ્યો છે. સંતો, પાર્ષદો અને હરિભક્તોનાં અંતરમાં અદકેરો આનંદ ઉભરાઈ રહ્યો છે.

આ મહોત્સવના ઉપક્રમે યોજાએલ મહા વિષ્ણુયાગનો મંગલ પ્રારંભ થતાં જ મહોત્સવના પ્રણેતા સંતવર્ય યજ્ઞશાળામાં પધાર્યા. સાથે બેચાર સંતો ને મહિમાવાળા હરિભક્તો પણ આવ્યા. ભૂદેવો ઉત્સાહથી યજ્ઞનારાયણને આહુતિઓ આપી રહ્યા છે.

પૂ. સ્વામીશ્રીએ યજ્ઞનારાયણના દર્શન કર્યા. વેદિકાઓ પર સ્થાપન કરેલ દેવોના દર્શન કરતા એમની નજર ઈષ્ટદેવ શ્રીહરિની પ્રતિમા પાસે મૂકવામાં આવેલ એક નાનકડા ફોટા પર પડી. આથી એમની મુખમુદ્રા કાંઈક ગંભીર બની. એમણે તુર્ત જ સાથેના નાના સાધુને કહ્યું, 'સાધુરામ, મહારાજની મૂર્તિ પાસે એલો બીજો ફોટો વળી કોનો છે અને અહીં લાવો તો ?'

નાના સંતે એ ફોટો હાથમાં ઊંચકીને સ્વામીશ્રીના હસ્તમાં આપતાં કહ્યું, 'સ્વામી, આતો આપનો જ ફોટો છે.' ફોટાને હાથમાં લઈ લીધો ને એના પર ઉપલક નજર ફેરવીને ત્યાં ઊભેલા ઉપર જરા નારાજગી ભરી નજર નાખી ગંભીર બનીને પૂછયું, 'આ ફોટો અહીં કોણે મૂકયો હતો ?'

આ સાંભળી ત્યાં ઊભેલા સહુ એકબીજાના મોં સામું તાકી રહ્યા પણ કોઈ એનો ખુલાસો કરી શકયા નહિ. એટલે વાતને વાળી લઈ આ સંત યજ્ઞશાળા બહાર આવ્યા ને પોતાના હાથમાં રહેલ ફોટાનો સામેથી ભીંત તરફ ઘા કર્યો જેથી ફોટો ભીંતમાં ભટકાઈને ફૂટી ગયો. આ જોઈને સાથેના સંત હરિભક્તો તો દંગ થઈ ગયા પણ કોઈ કશું બોલી ન શકયા ને ફ્રેમ ને ફોટાના ફૂટેલ કાચને જોતા રહ્યા એટલે સ્વામીશ્રીએ પોતાની લાકડી વતી કાચના ટૂકડાને એક બાજુ કરતા કહ્યું, 'સાધુરામ, તમેય બાઘાની જેમ જોઈ શું રહ્યા છો ? ઉપાડો આ ફ્રેમ ને ફોટો નાખો ઉકરડે એને. કાચના ટૂકડાય કોઈને વાગે નહિ એમ એકબાજુ નાખજો.'

આ વાત આટલેથી જ અટકી નહિ, આ સંતવર્યે પોતાના આસને આવી આ ફોટો કયાંથી આવ્યો ? કોણે લાવીને યજ્ઞશાળામાં મુકાવ્યો. એની પૂરી તપાસ કરાવી અને ફોટો મૂકનારને પોતાની પાસે રૂબરૂ બોલાવી જરા કડક ઠપકો આપતા કહ્યું, 'ભલા માણસ, મહારાજ સાથે નંદસંતોને બદલે મારો ફોટો મૂકવાની કમત તમને સૂઝી કયાંથી ? મારો ફોટો મૂકો એટલે હું રાજી થાઉં એમને ? ફોટો પૂજ્યે રાજી થાય એવો ગાફલ આ ગુરુ નથી, સમજ્યાને ? તમે મહારાજની આજ્ઞા પાળો, મર્યાદા જાળવો એમાં હું જરૂર રાજી થાઉં પણ પ્રભુની પ્રણાલિકાનો ભંગ થાય એમાં હું કેવી રીતે રાજી થાઉં ? મૂર્તિ મહારાજની પૂજાય. ઉપાસના તો એક ઈષ્ટદેવની જ હોય.'

સહજાનંદ શ્રીહરિના આવા શુદ્ધ ઉપાસક ને પ્રભુનિષ્ઠ પરમહંસ હતા સમર્થ સદ્‌ગુરુ સ્વામી નારાયણદાસજી જે કદિ કોઈને પોતાનો ફોટો પાડવા દેતા નહિ. કોઈ ફોટો પાડવાનો આગ્રહ કરે ત્યારે કહેતા, 'ફોટા પ્રભુના પાડો એમાં વળગો. સાધુના ફોટા પાડીને પૂજવા માંડશો તો વ્યક્તિ પૂજાને વેગ મળશે ને પરમેશ્વરની પૂજામાં ઓટ કાં ખોટ આવશે.'

ખરેખર આ પ્રભુનિષ્ઠ પરમહંસના આ વચનો સિદ્ધાંત રૂપ છે. ફેશનેબલ સંતો–મહંતો તેમજ પોતાના ફોટા પડાવવાની અને પૂજાવાની પ્રવૃત્તિમાં રાચતા રસિયાઓએ ફોટાના ફોગટ ફંદમાં બહુ ફસાવા જેવું નથી. અહીં ભલે પૂજાવાય પણ પછી શું !!

## પ્રસંગ ૧૬: સ્વામિનારાયણનો સંદેશો

ફાગણ સુદ ચૌદશનો ચંદ્ર આકાશમાં પ્રકાશી રહ્યો છે. ચોતરફ ઢોળાઈ રહેલ શીતળ ચાંદનીમાં ગરવા ગિરનારની રળિયામણી ટૂંકો શોભી રહી છે. મધરાતનો સૂનકાર સર્વત્ર છવાયો છે. એવા ધન્ય અવસરે જૂનાગઢ પ્રણામી મંદિરની ઓસરીમાં ઝબકારા સાથે શ્વેત પ્રકાશ પથરાયો. મંદિરના પૂજારી ઝબકીને જાગી ગયા. અંજાતી આંખો સામે એને મનોહર મૂર્તિના દર્શન થયાં એટલે આનંદમાં આભા બની પૂજારીથી પૂછાઈ ગયું, 'અરે આપ કોણ ! અત્યારે અહીં કયાંથી ?'

મંદમંદ હાસ્ય વેરતા એ મનોહર મૂર્તિ મહાપ્રભુએ કહ્યું, 'જો પૂજારી, હું સ્વામિનારાયણ પોતે છું. તું અમારા સ્વામિનારાયણ મંદિરમાં જઈને કોઠારીને મારો આ સંદેશો આપી આવજે કે મહોત્સવના કામકાજમાં હિંમત અને ધીરજ રાખે. મંદિરનો આ ભવ્ય મહોત્સવ સારી રીતે પાર પડશે એની કાંઈ ચિંતા કરે નહિ પરંતુ સેવાના કામમાં જે માણસોને રોકે એને વિચારીને રોકે અને જેને સેવાની જવાબદારી સોંપે તેની મદદમાં બીજા બબ્બે અડીખમ ઢ્રોગા રાખે તો કશીય અડચણ નહિ આવે ને બધુંય સાનુકૂળ થઈ રહેશે. એમ સ્વામિનારાયણ કહી ગયા છે.' આટલો સંદેશો આપી એ મનોહર મૂર્તિ ત્યાંથી અદૃશ્ય થઈ ગયા ને પૂજારી તો આભા બની જોતા જ રહ્યા ને મનમાં સ્વામિનારાયણે કહેલ સંદેશાનું મનન કરતા રહ્યા.

આ પૂજારી આમ તો અયોધ્યા તરફના સરવરિયા બ્રાહ્મણ હતા. વળી પોતે કેન્સરના દર્દી ને લાંબા સમયથી પથારીવશ હોવાથી બહાર કયાંય જઈ શકતા નહોતા. આમ છતાં બીજે દિવસે લાકડીને ટેકે ટેકે ચાલીને સ્વામિનારાયણના મંદિરે આવ્યા.

અહીં મંદિરમાં તો મહોત્સવને લીધે માનવ મહેરામણની આવન જાવન સતત ચાલુ હતી. વળી અહીંના કોઠારીજી કોણ છે ? એ તો આ પૂજારી જાણતા પણ ન હતા એટલે એણે કોઈકને પૂછયું, 'અહીંના કોઠારી કયાં મળશે ? મારે એમનું ખાસ કામ છે.' પણ આવી ધમાલમાં આ સામાન્ય વૃદ્ધ આદમીને જવાબ આપવાની ફુરસદ પણ કોન હોય ? એટલું જ નહિ આવા મોટા મહોત્સવનાં અનેક સેવાકાર્યોમાં પરોવાએલા કોઠારીશ્રી અત્યારે કયાં રોકાએલા હોય એની ખરી ખબરેય કોને હોય ? આમ છતાં કોઈક

હરિના લાલે મહોત્સવના પ્રણેતા કોઠારી શાસ્ત્રી સ્વામી ધર્મજીવનદાસજીને વાત પહોંચાડી કે કોઈક વૃદ્ધ બ્રાહ્મણ આપને મળવા માગે છે.

પૂ. શાસ્ત્રીજી કોઈક અગત્યના કામકાજ પ્રસંગે બહાર જવાની ઉતાવળમાં હતા છતાં ઊભા ઊભા આ પૂજારીને મળ્યા ને આ બ્રાહ્મણને કાંઈ જોતું હશે એમ માની ઉતાવળે પૂછયું, 'બોલો બ્રહ્મદેવ, શું કામ છે ? તમારે કાંઈ જોઈએ છે ? જોતું હોય એ ઝટ બોલો હમણા અપાવી દઉં પણ મને અત્યારે ખોટી કરોમા.'

આ સાંભળી એણેય એટલી જ નિસ્પૃહતાથી કહ્યું, 'હું આપની પાસે કાંઈ માગવાની લાલચે નથી આવ્યો. હું તો આપને સ્વામિનારાયણનો એક અગત્યનો સંદેશો કહેવા આવ્યો છું.'

આથી પૂ. શાસ્ત્રીજીને થોડી જિજ્ઞાસા જાગી. એમને એક બાજુ લઈ જઈને પૂછયું, 'બોલો, શો સંદેશો લાવ્યા છો ?'

'મને ગઈ રાતે સ્વામિનારાયણ ભગવાને દર્શન દીધાને આપને માટે ખાસ આ સંદેશો કહેવડાવ્યો છે' આમ કહી એણે સ્વામિનારાયણે કહેલ સંદેશો કહી સંભળાવ્યો.

સંદેશો સાંભળી શાસ્ત્રીજી મહારાજ તો આશ્ચર્યમુગ્ધ બની ગયા. ફરીથી સંદેશો સંભળાવવા વિનતિ કરીને પોતે ધ્યાનથી બધું સાંભળ્યું. અંતરમાં આનંદ છવાઈ ગયો. આંખો હર્ષથી અશ્રુભીની બની ગઈ. કારણ કે ૨૧ દિવસના આ મહાવિષ્ણુયાગના અંતિમ દિવસોમાં ચોખા અને ખાંડની ખેંચ સર્જાણી હતી. બીજું વિશ્વયુદ્ધ ચાલી રહ્યું હોવાથી દામ દેતાય માલ નહોતો મળતો. માલની હેરફેર પર ભારે અંકુશ વળી રેશનિંગની કડક કટોકટી હતી. આવા કપરા કાળમાં ઊભી થયેલી સમસ્યાઓને પહોંચી વળવા શાસ્ત્રીજી ભારે અજંપો અનુભવતા હતા અને એજ સમયે ઈષ્ટદેવના સંદેશાઓનું આવું અનેરું આશ્વાસન મળી જતાં પૂજ્ય સ્વામીજીએ ભારે રોમાંચ અનુભવ્યો.

શાસ્ત્રીજીએ પૂજારીને પ્રેમથી કાંઈક સ્વીકારવા આગ્રહ કર્યો પણ એણે કશું જ લીધું નહિ 'સ્વામિનારાયણે મને સરવરિયા જ્ઞાતિનો જાણી દર્શન દીધાં એજ મારું મોટું ભાગ્ય !' એવા આહોભાવ ને સંદેશો પહોંચાડયાના સંતોષ સાથે એણે વિદાય લીધી.

ભગવાન શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુનો આવો મંગલ સંદેશો મળ્યા પછી મહોત્સવમાં ઉભી થયેલી નાની મોટી તમામ સમસ્યાઓનો ઉકેલ સહજ ને સરળ રીતે આવવા લાગ્યો એટલું જ નહિ જે ચોખા અને ખાંડ પૂરતો પ્રયત્ન કરવા છતાં કયાંય ગોત્યાં નહોતાં જડતાં એ માલને એક વેપારી સામેથી આવીને આપી ગયો.

એથી તો કાર્યકરોને ખૂબ નવાઈ ઉપજી આવી. શાસ્ત્રીજીના સેવા કાર્યમાં શ્રીહરિ ભળ્યા છે એની સહુને પ્રતીતિ થઈ આવી. સહુની ચિંતા ટળી ને હિંમત વધી. મહોત્સવ ધામધૂમથી પરિપૂર્ણ થયો.

આ પછી પૂજ્ય શાસ્ત્રીજીને જીવનભર પ્રત્યેક સત્કર્મમાં શ્રીહરિનો સદાય સહયોગ મળતો રહ્યો ને હજુય એમણે આરંભેલ સેવાકાર્યોમાં શ્રીહરિનો સહયોગ ચાલુ જ છે.